**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૩ /03 / ૨૦૧૮ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૫૬૬/૧૮

**ઈસનપુર પોલીસ સ્ટેશનઃ**

### મોબાઇલ ચોરીના આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.વી.એન.ભરવાડ તથા સર્વેલન્સ સ્કોડના માણસો નાઇટમા ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.પો.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આરોપી મનોજસિંહ પહોપસિંહ ઠાકુર ઉ.વ ૨૪ રહે.પિપળજ ગામ હનુમાન મંદિરની પાસે વિષ્ણુભાઇની ચાલી પિપળજ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ મુળવતન ગામ-દુલારા તા મનીયા જીલ્લો ધોહરપુર રાજસ્થાનનાને તા.૨૨/03/૨૦૧૮ ના કલાક 01/00 વાગે મોબાઇલ ફોન વિવો-જ-૭+ કિમત રૂપિયા ૧૯,૯૯૦/- સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૩૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા ૨૨/03/૨૦૧૮



આરોપી મનોજસિહ પહોપસિહ ઠાકુર

**<u>રખીયાલ પોલીસ સ્ટેશનઃ</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ સુચના આધારે સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.વી જાધવ સાહેબના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૨/૦૩/૧૮ ના રોજ અમો પો.સબ.ઇન્સ જે.જે. ગઢવી તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ખાનગી બાતમી આધારે રાજસ્થાન ના જોધપુર જિલ્લા ખાતે જઇ અમોને મળેલ બાતમી હકીકત આધારે રખિયાલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૧૮/૧૮ ઇપીકો કલમ.૩૮૧ મુજબના ગુનાનો ભેદ ઉકેલી આરોપી સંદીપ જશરાજ કોઠારી ઉ.વ.૩૬ રહે, એ૧૧/, રૂષભ એવન્યુ , જૈન દેરાસરની પાસે ઓઢવ, અમદાવાદ શહેર નાની પાસેથી આ કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ નાંણા રૂ.૧૪૯૫૦૦૦/- તથા એકટીવા કિં.રૂ.૨૦૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૧૫૧૫૦૦૦/- નો મુદામાલ કબજે કરેલ છે અને સદરીને કલાક.૧૩/૦૦ વાગે અટક કરેલ છે. અને તેની તપાસ ચાલુ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

એ ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન સોલા વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, એ ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન સોલા વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.